॥ ॐ શ્રી સાઈરામ ||

॥ ॐ શ્રી સાઈ રત્નાકર વંશોદભવાય નમ: । (૨૮)

રત્નાકર વંશમાં જન્મેલા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન બાબા કહે છે કે, પરમેશ્વર (ઈશ્વર) જ્યારે અવતાર ધારણ કરે છે, ત્યારે તે સુયોગ્ય કુળ અને સ્થળ પસંદ કરે છે. બાબાએ જે કુળમાં જન્મ લીધો તે કુળનું નામ છે – રત્નાકર, આ જ કુળના શ્રી કોંડમરાજુ જે અત્યંત ધાર્મિક હતા, તેમને શ્રીકૃષ્ણની રાહ જોવાવાળી સત્યભામાએ સ્વપ્નમાં આવી ને શ્રીકૃષ્ણના આગમનની સૂચના આપી હતી.

ધાર્મિક વૃત્તિના શ્રી કોંડમરાજુના અનેક સત્પુરુષો સાથે આત્મિયતાના સંબંધ હતા. અનેક વ્યક્તિઓ સાથે તેમની આધ્યાત્મિક વિષય ઉપર ચર્ચા થતી હતી. તેમાંના જ એક હતા શ્રી વેંકાવધૂત. અત્યંત તેજસ્વી અને વયોવૃદ્ધ એવા શ્રી વેકાવધૂત ઘણીવાર અચાનક કોંડમરાજુને મળતા અને ત્યાર પછી બન્ને વચ્ચે અધ્યાત્મિક ચર્ચા થતી. આવી જ રીતે એકવાર શ્રી કોડમરાજુ અને શ્રી વેકાવધૂત એક કેળાના બગીચામાં બેસીને ચર્ચા કરતા હતા, અચાનક વેકાવપૂતે કોંડમરાજુનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલ્યા-"પ્રત્યક્ષ (સાક્ષાત) ઈશ્વર તમારા કુળમાં જન્મ લેશે." તેમની વાતનો અર્થ કોંડમરાજુને સમજાય એટલા માટે આ વાક્ય તેમણે ત્રણ વાર ઉચ્ચાર્યું. ત્યાર પછી તે બોલ્યા આ જોવાનું સદ્ભાગ્ય તમને મળશે. " આટલું કહીને શ્રી વેંકાવધૂત ત્યાંથી નીકળી ગયા, જે ફરી ક્યારેય દેખાયા નહીં.

કોણ હતા આ શ્રી વેંકાવધૂત? શ્રી શિરડી સાઈનાથના ચરિત્રમાં જેમનો ઉલ્લેખ ' વેલુંસા ' એમ કર્યો છે તે અને શ્રી. વેંકાવધૂત એક જ હતા.

એક ફકીર બાળસાઈનું પાલનપોષણ કર્યું હતું. તેમના મૃત્યુ પછી તેમની પત્નીએ આ બાળકને વેકુંસા નામના વિદ્વાન અને ધાર્મિક વ્યક્તિને સોંપ્યા હતા, (હવાલે કર્યા હતા) જેમના સહવાસમાં' બાલસાઈ ' લગભગ (અંદાજે) બાર વર્ષ રહ્યા હતા. આ બાળકનું પાલનપોષણ અને વિધાદાનનું કાર્ય વેકુંસા ખૂબ જ પ્રેમથી કરતા. પરંતુ, એનું પરિણામ એ થયું કે, આશ્રમમાંના અન્ય શિષ્યો આ બાળકનો કેપ કરવા લાગ્યા અને તેથી એક દિવસ તેમાંના એક શિષ્યએ આ દિવ્ય બાળકને મારવા માટે એક ઇંટ ફેંકીને મારી, જે તેને નવાગે (બચાવવા માટે) એટલા માટે વેંકુંસાએ પોતે આ ઈંટ

તેમના શરીર પર લીધી, આ જોઈને તે બાળકે આશ્રમ છોડવાનો નિશ્ચય કર્યો અને આગળ જતા તે શ્રી સાઈબાબા તરીકે ઓળખવા લાગ્યા.

સાઈનાથના અવતાર સમાપ્તિ પછી પણ ગુર વેકુસા સંપૂર્ણ ભારત ભ્રમણ કરતા રહ્યા અને તેમણે જ રત્નાકર વંશમાંના થી કોંડમરાજુને - "સાક્ષાત ઈશ્વર તમારા કુળમાં જન્મ લેવાના છે (લેશે)" એમ કહ્યું.

જ્યારે ૨૩ મે ૧૯૪૦ ને દિવસે બાલ સત્યનારાયણે સવારે જ ઘરના બધા લોકોને હવામાં હાથ હલાવી ફૂલ અને સાકર આપી, ત્યારે આ વાત પવનવેગે સર્વત્ર ફેલાઈ ગઈ. અડોશપડોશના બધા લોકો ભેગા થયા. સત્યનારાયણની આજુ બાજુ ભીડ જમા થઈ. ત્યારે કોઈએ આ વાત બહાર ગયેલા પૈદવેકમ્પાને કહી. તે જલ્દી જલ્દી ઘરે આવ્યા. ભીડમાંથી માર્ગ કાઢીને સત્યાની સામે જઈને ઊભા રહ્યા અને અત્યંત ક્રોધિત સ્વરે હાથમાંની છડી ઉગામીને તેમણે પૂછ્યું - 'કોણ છે તું? ભૂત કે રાક્ષસ? કે પછી ગાંડો? તને ખુબ મારવો જોઈએ. બોલ કોણ છે તું?"

શાંત સ્વરે સત્યા બોલ્યો- "હું સાઈબાબા છું. ગોત્ર ભરદ્વાજ, આપસ્તંભ સૂત્ર શાખા. તમારા વેંકાવધૂતે આ ઘરમાં મારે જન્મ લેવો એટલા માટે કરેલી પ્રાર્થનાનાં ફળ રૂપે મેં તમારા કુટુંબમાં (રત્નાકર વંશ) જન્મ લીધો છે."

રત્નાકર શબ્દનો એક અર્થ છે મહાસાગર. સમુદ્ર મંથન વખતે આમાંથી અમૂલ્ય રત્નો બહાર આવ્યા હતા એટલે તેનું નામ રત્નાકર પડ્યું. ભગવાન બાબા આપણા માટે રત્નાકર જ છે. આ દયાનો સાગર પોતાના ભક્તો ઉપર હંમેશાં કૃપાનો વર્ષાવ કરતો હોય છે.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||